# ગઝલ

–મેહુલ પટેલ ‘ઈશ’

### .1.

મરીઝના શે’ર, ‘ઘાયલ’ની જુબાની લઈને આવ્યો છું,
ગઝલ–લેખનની ગુજરાતી કહાની લઈને આવ્યો છું !

‘ર.પા.’ની લઈ રદીફો, કાફીયા લીધા મેં ‘શયદા’ના,
ગઝલ લખવા ‘ગની’ની મે’રબાની લઈને આવ્યો છું !

નઝમ ‘આસીમ’ની ગુંજી ઉઠી તાપી કીનારા પર,
નહીં શીલા; હું ‘લીલા’ની જવાની લઈને આવ્યો છું!

રજુઆતો બધી ‘આદીલ’ સમી, ને ‘શુન્ય’ની વાતો,
નવામાં એ જ, કે જુની નીશાની લઈને આવ્યો છું !

‘ખલીલ’, ‘ઈર્શાદ’ કહી ને દાદ તો દો મારી હરકત પર !
હું શે’ર-એ-મક્તામાં ‘બરકત વીરાણી’ લઈને આવ્યો છું !

### .2.

માણસે થોડા ઉઘડવું જોઈએ,
જાતની અંદર રખડવું જોઈએ.

એક આંસુ ક્યારનું છે આંખમાં,
સાંજ સુધીમાં દદડવું જોઈએ.

બ્હારથી ખખડ્યાં કરો એ સારું નૈ,
કૈંક અંદરથી ખખડવું જોઈએ.

કાવ્ય તો ઉડતું પતંગીયું હોય છે,
એને હળવેથી પકડવું જોઈએ.

હાથમાં વરસોથી હોકાયંત્ર છે !
બસ, હવે પગલું ઉપડવું જોઈએ

## .3.

ઓઢીને અંધાર ઉભો છું,
ઘેનમાં ચીક્કાર ઉભો છું.

દોડતા અઠવાડીયા વચ્ચે
હું બની રવીવાર ઉભો છું.

મારી અંદર ના પ્રવેશો, 'લ્યા
હું જ મારી બ્હાર ઉભો છું.

કેટલું મોડું કરીશ, ઈશ્વર ?
ક્યારનો તૈયાર ઉભો છું !

જે ગમે તે રુપમાં ચાહો ,
રુપ લઈ દસ-બાર ઉભો છું

## .4.

મન ઘડીક બ્હારે ઉભેલું હોય છે
ને ઘડીક મનમાં ડુબેલું હોય છે.

સ્વપ્ન તો સાબુત નીકળે છે બધાં,
માત્ર એક આંસુ તુટેલું હોય છે.

બુદ્ધ ને મહાવીરમાં જાગી ગયું,
મારી અંદર જે સુતેલું હોય છે.

સાંજ પડતાં ચ્હેરા પર તારું સ્મરણ,
દાઢીની માફક ઉગેલું હોય છે.

## .5.

ભીતરે મન-બુદ્ધી વચ્ચે દ્વન્દ્વ ચાલે,
બહારથી માણસ ભલે અકબંધ ચાલે.

શોધમાં સુરજની લાખો અંધ ચાલે,
ને વળી આંખો કરીને બંધ ચાલે !

સાધુ ને ફુલોમાં એક સરખાપણું છે,
બંનેની ફરતે સતત સુગંધ ચાલે.

પ્રેમનાં ગીતો નથી આવડતાં લખતાં,
સ્પર્ધામાં લાંબો લચક નીબંધ ચાલે.

ખાસ માણસના મરણની ખાસીયત છે,
વરસોનાં વરસો સુધી આક્રંદ ચાલે.

## .6.

સાચો યા ખોટો જોઈએ,
ઈશ્વરનો ફોટો જોઈએ.

આખો સમુદ્ર શું કરું ?
અડધો જ લોટો જોઈએ.

કેવી રીતે અરીસામાં,
પીઠનો લીસોટો જોઈએ ?

ચાલે પ્રભુનું સ્વર્ગમાં,
અહીંયાં તો નોટો જોઈએ.

જુનો સંબંધ તોડવા,
ઝગડોય મોટો જોઈએ.

## .7.

માત્ર આ એક ચીજમાં થોડો ઘણો ફાવી શકું,
દર્દને લયબદ્ધ રીતે મંચ પર લાવી શકું.

બે ઘડી ઉભા રહો, બસ, પુછવું છે એટલું,
આપની સુંદરતા ઉપર શે'ર ફરમાવી શકું ?

કાવ્યલેખનની કલા જાદુગરીથી કમ નથી,
ચાર પંક્તીમાં તને ભગવાન બતલાવી શકું.

એવી કક્ષાએ સનાતન ધર્મની આવી ઉભો ,
કોઈ પણ વેળા હવે ઈસ્લામ અપનાવી શકું.

આ જગતની ભાષા જુદી, મારી લીપી ઔર છે,
મારી વાતો કોણ સમજે ? કોને સમજાવી શકું ?

## .8.

માત્ર શબ્દોની જમાવટને ગઝલ કે'વાય ના,
આ કલા ઈશ્વરકૃપા, એને કશે શીખાય ના.

વાંચતાંની સાથમાં ખુશ્બુ ભરી દે શ્વાસમાં ,
એ ગઝલ જોઈને શું ફુલો પછી શરમાય ના ?

શબ્દના મોતી ગઝલમાં ધ્યાનથી મુકો જરા,
એક પણ મોતી વધે ના, એક પણ ઢોળાય ના.

ખુબસુરત એક ગઝલ વરસોથી છે આ કબાટમાં,
એ નવોઢાનો પીછોડો રોજ કંઈ પે'રાય ના.

એકદમ બારીક નકશીકામ કરવું જોઈએ,
ભુલ જેવું કંઈ ગઝલ–સ્થાપત્યને પોસાય ના.

વીશ્વનું સૌંદર્ય હો કે હો છણાવટ ‘ઈશ’ની ,
એક દેખાડો વીષય ગઝલોમાં જે બંધાય ના.

## .9.

ઈર્ષ્યા કરે છે ફુલ સૌ, પરીઓ ઉદાસ છે,
ઈશ્વરની એ કૃતી, જરા મોંઘીને ખાસ છે.

સૌંદર્ય આફરીન કો’ ગઝલો સમું છે જો,
જાણે કે મીણની ઉપર મખમલ લીબાસ છે.

એમ જ કંઈ હવા મહીં ખુશ્બુ ઉડે નહીં,
ખીલતું ગુલાબ કોઈ તો આસપાસ છે.

તકદીર દે ન સાથ તો પહોંચી નહીં શકું,
આંખોથી દીલ સુધીનો લાંબો પ્રવાસ છે.

જન્નતનો માર્ગ તે પછી પુછતો નહીં ફરું,
સરનામું જો મળે કે ક્યાં તારો નીવાસ છે.

## .10.

એક બાળક માટે શું છે આ જગત ?
ટોર્ચ ચાલુ-બંધ કરવાની રમત !

શ્વાસ ખેંચીને કરો કોશીશ જરા,
સાફ વંચાશે હવા પરનું લખત.

ફોટો જોતા યાદ આવી જાય છે,
કેમેરામાં કેદ એક જુનો વખત.

ઢીલ કરવાની નહીં એમાં કદી,
શેર સ્ફુરે એટલે લખવો તરત !

હું કહું, 'ઈશ' છે છતાં તું ના કહે,
ચાલ, એક-એક ચાની થઈ જાયે શરત ?

–મેહુલ પટેલ 'ઈશ'

કવીસમ્પર્ક:

Mobile : 95376 11423 ..સુરત..

eMail : mehulpatel21@gmail.com FB : https://www.facebook.com/mehul.patel.1441

'સન્ડે ઈ–મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર (gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર.. –ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ : દસમું – અંક : 298 – June 15, 2014

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@@@

નવ વરસથી ચાલતી આ 'સ.મ.'ની 'સુ–વાચનયાત્રા'માં આજે આ 298મી રચના મોકલાઈ રહી છે.. એની સઘળી રચનાઓની અગીયાર 'ઈબુક્સ' થઈ છે અને તે સઘળી મફત ડાઉનલોડ કરવા અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/ebooks/ પર, સાથેસાથે http://www.ekatrafoundation.org/books/ પર અને http://aksharnaad.com/downloads/ પર પણ મુકાઈ ગઈ છે જે આપ સૌ જાણો છો.

હવે એમાંથી 80 જેટલી 'સ.મ.' તો 'કાવ્ય–ગઝલો'ની મુકાઈ ! જેમાં ગઝલો, સોનેટ, ગીતો, મુક્તકો, અછાંદસ, હાઈકુ રચનાઓનું ભારોભાર વૈવીધ્ય છે. ગઝલરસીયા વાચકોના આગ્રહને વશ, અમે બીજી બે ઈબુક્સ 'ગઝલ–કાવ્યસૃષ્ટી'ના નામે બનાવી, તે બન્ને ઈબુક્સ હવે ફ્રી ડાઉનલોડ થઈ શકે તે માટે : પહેલી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part1.pdf લીંક પર અને બીજી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part2.pdf લીંક પર મુકી છે.. ક્લીક કરશો કે તરત જ બુક ડાઉનલોડ થવા માંડશે અને તે પછી તેને, તમે ચાહો તે સ્થળે સેવ કરી, તેમાંની સમર્થ કવીઓની હજારેક જેટલી રચનાઓ માણી શકશો.. ડાઉનલોડ ને સેવનો વીધી ન ફાવે તો મને લખજો. બન્ને બુક્સ હું તમને મોકલી આપીશ.

..ઉત્તમ.મધુ ગજ્જર.. uttamgajjar@gmail.com

@@@@@

More than 3,00,34,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 30,55,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 6,38,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@